# શહેરીજન પરિવહન સુધારવા ખાનગી રોકાણ જરૂરી

## ગાંધીનગર ખાતે ચાર દિવસીય અર્બન મોબીલિટી ઇન્ડિયા કોન્ફરન્સ-એક્સ્પોનું કેન્દ્રીય પ્રધાન નાયડુ દ્વારા ઉદ્‌ઘાટન : ૨૫૦૦૦ કરોડની સહાય સાથે સ્કીમ એરણ પર



ગાંધીનગર, તા.૮

શહેરી વિકાસ મંત્રી એમ વૈંક્યા નાયડુએ આજે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર શહેરી વિસ્તારોમાં મેટ્રો રેલ, નોન મોટરાઈઝ ટ્રાન્સપોર્ટ અને કાર્બનનું ઓછું ઉત્સર્જન કરતી અન્ય સિસ્ટમ જેવી પર્યાવરણને અનુકુળ અને સ્થાપી જન પરિવહન વ્યવસ્થાઓમાં ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા નવી નીતિગત પહેલો પર કામ કરી રહી છે. તેમણે ગુજરાતના ગાંધીનગરમાં ચાર દિવસીય શહેરી મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ એન્ડ એક્ષ્પોનું ઉદ્ઘાટન કર્યા પછી શહેરી વિસ્તારોમાં અપૂરતા અને બિનકાર્યદક્ષ જન પરિવહન માળખા વિશે વાત કરી હતી.

આ કોન્ફરન્સ દરમિયાન પ્લાનિંગ મોબિલિટી ફોર સિટીસ સસ્ટેઈનબિલીટીના વિવિધ પાસા પર ભારત અને વિદેશમાંથી આશરે ૨૫૦૦ પ્રતિનિધિઓ ચર્ચા કરશે, જેમાં મેયર્સ અને મ્યુનિસિપલ કાઉન્સિલર્સ સામેલ છે. નાયડુએ કહ્યું હતું કે, ગ્રીન અર્બન ટ્રાન્સપોર્ટ સ્કીમ, નવી મેટ્રો રેલ પોલિસી, મેટ્રો ધારામાં સુધારો અને મેટ્રો સિસ્ટમનું પ્રમાણીકરણ અને સ્વદેશીકરણ સહિત નવી પહેલો વિચારણાધિન છે. જેનો ઉદ્દેશ ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવાનો છે.

મંત્રીએ જાણ કરી હતી કે ગ્રીન અર્બન ટ્રાન્સપોર્ટ સ્કીમ પ્રદુષણમાં નોંધપાત્ર અને માપી શકાય તેવા ઘટાડા માટે કાર્બનના ઓછા ઉત્સર્જન સાથે શહેરી પરિવહનની વૃદ્ધિને પ્રોત્સાહન આપવા ઈચ્છે છે, જે માટે રાષ્ટ્રીય પ્રાદેશિક અને શહેરી સ્તરે પ્રોજેક્ટના નવીન ધિરાણને પ્રોત્સાહન આપીને અંદાજપત્રીય સમર્થન માટે લઘુમત સ્ત્રોત સાથે શહેરી મોબિલીટી પ્રોજેક્ટસને ભંડોળ માટે કાયમી અને સ્થાપી માળખું પ્રદાન કરવામાં આવશે.

### સર્જીકલ સ્ટ્રાઈક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધ્યાનમાં લઈને ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે. દેશના તમામ રાજકીય પક્ષો, સંસ્થાઓ, સમાજના તમામ વર્ગના લોકો, મિડિયા આ મહાન કાર્યમાં સરકારની સાથે આવીને રચનાત્મક ભૂમિકા અદા કરે તેવી અપીલ મોદીએ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, દેશના લોકોને થોડાક દિવસ સુધી આના કારણે ભારે તકલીફ થઈ શકે છે પરંતુ આ કામ કર્યા વગર ભ્રષ્ટાચાર અને કાળા નાણા ઉપર અંકુશ મુકી શકાશે નહીં. કાળા નાણા અને બનાવટી નોટની સામે ચાલી રહેલી લડાઈમાં યોગદાન આપવા મોદીએ કહ્યું હતું. મોદીએ શ્રેણીબદ્ધ જાહેરાત કરતા કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર અને કાળા નાણા જેવી બિમારીઓ જડ જમાવી ચુકી છે. દેશમાંથી ગરીબીને દૂર કરવા આડે આ સૌથી મોટી અડચણ છે. દેશના વિકાસના ઈતિહાસમાં એવા ક્ષણ આવ્યા છે જ્યારે એક શક્તિશાળી અને નિર્ણાયક પગલા લેવાની જરૂરિયાત દેખાઈ છે. ભ્રષ્ટાચારની બિમારીને કેટલાક ચોક્કસ વર્ગના લોકો પોતાના સ્વાર્થ માટે ફેલાવી ચુક્યા છે. વિશ્વમાં સૌથી ઝડપથી ગ્રોથ કરનાર દેશોમાં અમે સૌથી આગળ રહ્યા છે. ભ્રષ્ટાચાર રેંકિંગમાં ભારત ૧૦૦માં નંબરથી હવે ૭૬માં નંબર પર છે. જનધન યોજના, સ્ટેન્ડઅપ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ઉજ્જવલા યોજના, પીએમ પાક વિમા યોજના, કૃષિ સિંચાઈ યોજના, રાષ્ટ્રીય કૃષિ બજાર યોજના સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે જે સાબિત કરે છે કે સરકાર ગરીબો અને ગામ પ્રત્યે સમર્પિત છે.

### દબાણનો સફાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝુંપડાના દબાણ દુર કરી દીધા છે અને ઝુંપડા ધારકોને જગ્યા છોડી જતા રહેવાનું જણાવ્યુંછે. જયારે સેકટર-૨૧ માં શાકમાર્કેટની આસપાસ પાથરણાવાળા તેમજ લારી ગલ્લાના દબાણ દુર કરાતા વેપારીઓમાં ફફળાટ ફેલાયો છે. સેકટર-૨૧માં દબાણને પગલે ટ્રાફીક જામની સમસ્યા સર્જાય છે ત્યારે દબાણ દુર કરવામાં આવતા ટ્રાફીકમાં અડચણરુપમાં ઉભા રહેતા તમામ દબાણકર્તાઓને દુર કરતા નાગરીકો પણ કામગીરીથી ખુશ જણાયા હતા. અને પાલિકાની દબાણની ટીમની કામગીરીને બિરદાવી હતી. આગામી સમયમાં પણ શહેરના વિવિધ સેકટરોમાં દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહેશે તેમજ શહેરને દબાણ મુકત કરવામાં આવશે તેમ દબાણ હટાવ અધિકારી મહેશ મોડે જણાવ્યું છે.

### ભૂલો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિધાનસભામાંથી મળી છે. તો સૌથી ઓછી માણસામાંથી ૬૫ અરજીઓ મળી છે. ચૂંટણી તંત્ર દ્વારા ૧લી જાન્યુઆરી સુધીમાં આ બધી અરજીઓનો નિકાલ કરી દેવામાં આવશે. નવા નામ દાખલ કરવા અંગેની ડેટા એન્ટ્રીઓ હાલ ચાલી રહી છે આ પછી તે અંગેની ચકાસણી હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં જે રીતે ક્ષતિ સુધારણાની અરજીઓ મળી છે તેની ખુબ જ ઝીણવટભરી રીતે ચકાસણી કરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત તંત્રના સૂત્રોમાંથી મળી છે. પંચના સૂત્રોએ જણાવ્યુ છે કે ક્ષતિ રહિત સંપૂર્ણ સાચી યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

### નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

ચહેરા પરની મુશ્કાન ગાયબ થઈ ગઈ. તે કંઈક ઊંડા વિચારમાં ડૂબેલી લાગી. ઉદાસ, ગંભીર! પછી તેની આંખમાં આંસુ છલકાઈ આવ્યા. એક ઊંડો શ્વાસ લીધો અને તે બોલી.

‘મારી કોઈ બહેનપણી નથી, દીદીને પણ કોઈ નથી.’

‘તમે બંને સ્કૂલે તો જતાં હશો ને! કયા ધોરણમાં ભણો છો. તારી દીદી કયા ધોરણમાં છે.’ અંકલ, અમે સ્કૂલે પણ નથી જતાં, છતાં અમે અમારી જાતને પેલાં બાળકો કરતાં નસીબદાર સમજીએ છીએ જે રસ્તા પર, શેરીઓમાં, કચરાના ઢગલામાંથી, કચરાપેટીઓમાંથી કાગળ, પોલિથિનની કોથળીઓ, બાટલીઓ અને ફેંકી દીધેલ ખોરાક વીણે છે. ભગવાને તેમને કેવું જીવન આપ્યું છે?’ તે વખતે જ તેની મોટી બહેન ત્યાં આવીને ઊભી રહી ગઈ. તેણે અમારી વાતો સાંભળી લીધી હતી. તેણે કહ્યું, ‘અંકલ, હું તો આને ઘણું કહું છું કે સ્કૂલે જા પણ એ માનતી જ નથી. તેણે જીદ પકડી રાખી છે. સ્કૂલે જઈશું તો બંને સાથે જઈશું. અને પરિસ્થિતિ એવી છે કે અમે બંને ન જઈ શકીએ. પપ્પાને મદદ કોણ કરે, ટેકો કોણ કરે. મમ્મી લાંબા સમયથી પથારીવશ છે. વળી એટલું કામ પણ નથી કે પપ્પા નોકર લાખી લે.’ તેણે ખુબ પ્રેમથી તૃપ્તિનો હાથ પકડ્યો. બંને ત્યાંથી જવા લાગતી હતી તે વખતે તૃપ્તિએ કહ્યું, ‘તમારી તો ખાવાનું ઠંડું થઈ ગયું. હું બીજું લઈ આવું.’ હું હાથના ઈશારાથી તેને રોકું છું. મારે સાંભળવું પડ્યું. ‘બહુ જીદ્દી છે.’ તે બંને જતી રહે છે. હું વિચારું છું. ‘આ પણ મારા દેશના બાળકો છે. કેટલાં સારા, સમજદાર, હોંશિયાર અને મહેનતું છતાં કેટલાં મજબૂર અને લાચાર.’



































